**ફોજદારી કેસ નં.૫૦૦૫૩/૧૮**

## :: આંક–૦૧ લગત હુકમ ::

આ કેસની હકીકતો વંચાણે લેતા આરોપી વિરૂધ્ધ ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧) (બી), ૮૫(૧)(૩) તથા જી.પી.એકટની કલમ–૧૧૦, ૧૧૭ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કેસમાં ફરીયાદીની ફરીયાદ તથા તપાસના કાગળો વંચાણે લેતા એ જણાઈ છે કે આરોપી વિરૂધ્ધ ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૮૫(૧)(૩) તથા જી.પી.એકટની કલમ–૧૧૦, ૧૧૭ મુજબના ગુન્હાના તત્વો આકર્ષાતા નથી. આથી આરોપીની ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૮૫(૧)(૩) તથા જી.પી.એકટની કલમ–૧૧૦, ૧૧૭ મુજબના ગુન્હામાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૧૨/૧૧/૨૦૨૨<br>
સ્થળ:: અમદાવાદ.

(Virendrasinh Gemalsinh Rana)<br>
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ<br>
કોર્ટ નં. ૨૩, અમદાવાદ.<br>
જીજે.૦૦૯૬૪

**એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં. ૨૩માં, અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૫૦૦૫૩/૧૮**

## <u>-ઃ આંકઃ૧ લગત હુકમ ઃ-</u>

**૧.** આજરોજ કેસનું રેકર્ડ વંચાણે લેતા, આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧) તથા જી.પી.એકટની કલમ-૧૧૦, ૧૧૭ મુજબના ગુન્હાઓ અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. હાલના કામે આંક-૦૧ લગત અગાઉ આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૮૫(૧) તથા જી.પી.એકટની કલમ-૧૧૦, ૧૧૭ મુજબના ગુનામાં બિન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે અને હાલના આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી) મુજબની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ રીતે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

૨. હાલના કેસનું રેકર્ડ જોતા, હાલના આરોપી સામે કરેલ સમ્નસ ધ્યાને લેતા, આરોપી સમન્સમાં જણાવેલ સરનામે મળી આવેલ નથી તથા આસપાસના લોકોને પુછતા આરોપી કયાં રહેવા ગયેલ છે તે બાબતે કોઈ માહિતી મળેલ નથી. આમ, આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ નથી. આ કામે શ્રીસરકાર તરફે વિધ્વાન એપીપીશ્રી ધ્વારા એવી રજુઆત કરેલ છે કે, સમગ્ર ચાર્જશીટ તથા કેસ પેપર્સ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી છે.

૩. આ તબકકે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૫૮ વંચાણે લેતા, ફરીયાદ ઉપરથી દાખલ થયેલ હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમાં મેજીસ્ટ્રેટને ચુકાદો ઘોષિત કર્યા સિવાય કારણો નોંધીને, કોઈપણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે તેવી સત્તા મળ ેલ છે. વિશેષમાં જો મુખ્ય સાહેદનો પુરાવો નોંધાયેલ હોય અને આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો, નિદોર્ષ ઠરાવી મુકત કરશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકવામાં આવશે અને તેની અસર બિન તહોમત મુકત કરવામાં આવેલ હોય તેવી થશે. આમ, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૫૮ મુજબ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરી તેમજ આરોપી વિરૂધ્ધ મુખ્ય સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

આથી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૫૮ પ્રમાણે મળેલ સત્તાની રૂએ બંધ કરી, આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી)ના શિક્ષાપાત્ર ગુન્હામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૨ મી, માહે. નવેમ્બર, સને-૨૦૨૨ ના રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીમાં જાહેર કરવામાં આવે છે.

તા.૧૨/૧૧/૨૦૨૨
સ્થળ:: અમદાવાદ.

(Virendrasinh Gemalsinh Rana)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં. ૨૩, અમદાવાદ.
જીજે.૦૦૯૬૪